## રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## શિક્ષક અભિરૂચિ કસોટી(માધ્યમિક) (TAT-SECONDARY)

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G,તા.૨૯/૦૪/૨૦૨૩ થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને મિશન સ્કુલ્સ ઓફ એકસલન્સના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણના હેતુ માટે દ્વિસ્તરીય સ્વરૂપ સાથે 'શિક્ષક અભિરુચિ કસોટી'(Teacher Aptitude Test– TAT)ના આયોજન બાબતે ઠરાવ કરવામાં આવેલ છે.

આ ઠરાવના અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૦૧/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૫૪૩૬-૫૪૭૬થી શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)- Teacher Aptitude Test (Secondary)- ૨૦૨૩ નું વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉમેદવારો નીચેની વિગતે http://ojas.gujarat.gov.in પર ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મ અને નેટ બેંકીગ મારફત ફી ભરી શકશે. જેની તમામ ઉમેદવારોએ નોધ લેવા વિનંતી છે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૨/૦૫/૨૦૨૩ થી ૨૦/૦૫/૨૦૨૩ |
| ૨ | નેટ બેંકીગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૦૨/૦૫/૨૦૨૩ થી ૨૦/૦૫/૨૦૨૩ |
| ૩ | પ્રાથમિક પરીક્ષા (બહુવિકલ્પ સ્વરૂપ) તારીખ | ૦૪/૦૬/૨૦૨૩ |
| ૪ | મુખ્ય પરીક્ષા(વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) તારીખ | ૧૮/૦૬/૨૦૨૩ |

આ પરીક્ષાના વિષયો, પરીક્ષા ફી, શૈક્ષણિક લાયકાત, કસોટીનું માળખું, અભ્યાસક્રમ વગેરે બાબતો જાહેરનામામાં દર્શાવ્યા પ્રમાણે તેમજ સરકારશ્રી દ્વારા થયેલ વખતોવખતની ઠરાવોની જોગવાઈ પ્રમાણેની રહેશે. શિક્ષણ વિભાગના ઠરાવ અને જાહેરનામુ તેમજ કસોટી સંબંધિત અન્ય બાબતો રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ http://www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

શૈક્ષણિક લાયકાત તેમજ વય મર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય અંતિમ રહેશે. પરીક્ષા સબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

તારીખઃ-૦૨/૦૫/૨૦૨૩ અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર